# પ્રકરણ : ૮

## અખબારી નવલકથા વિશે : મંતવ્યો અને વિમર્શ

# તપસીલ - ૧

## અખબારી ધારાવાહિક નવલકથા

ન ગગન સુધી, ન ધરા સુધી

આપણે તો જાવું બસ વાચકના આનંદ સુધી.

આ પંકિતઓની જેમ અખવારી નવલકથા કેવળ મનોરંજનનું પ્રયોજન ધરાવે છે.

" હું કોઇ કાલજયી કૃતિ સર્જવા માગતો હોતો નથી. પણ વધુમાં વધુ વાચકજયી (વાચકોને વધુ સંખ્યામાં આકર્ષી શકે) કૃતિ જ લખવા માગતો હોઉં છું. જો દંભ કર્યા વગર કહું તો મારું અને મારી કૃતિ છાપતા અખબાર કે સામાયિક માલિકનું પેટ (અબલત્ત અમારાં પેટની રચના, આકાર, ઉંડાણ, અને પાચન શક્તિ સાવ જુદાં છે.) ભરવાનો મારો પ્રયત્ન એ મારી અખબારી નવલકથા લેખનનો મારો હેતુ, પ્રેરણા, કે આશય તમે જે કહો તે હોય છે.

મારી કૃતિ એટલે કે નવલકથાને એ પ્રગટ થાય એ હપ્તે જ વધુમાં વધુ વાચક મળવા જોઇએ. વધુમાં વધુ વાચક તે પછીના હપ્તા માટે ઉત્સુક હોવા અને રહેવા જોઇએ તથા ગત હપ્તાના વાચકો પ્રગટ થાય એ હપ્તામાં ગત હપ્તામાં પડેલા રસ જેટલા જ કે તેથી વધુ (ઓછા તો નહીં જ) રસથી જોડાવા જોઇએ. એ મારું સર્જન ધ્યેય."

- અશ્વિની ભટ્ટ અંગેનાં ટાંચણોમાંથી

અખબારી નવલકથાનો વાચક, રસશાસ્ત્ર જેને 'બ્રહ્માનંદ સહોદર' કહે છે તેવી રસનિષ્પતિમાંથી નિપજતા આનંદ માટેનો વાચક નથી. એને તો નવલકથા (એ વાચક તો એને નવલકથા એવું સન્માનિય નામ પણ નથી આપતો, આ વખતનો હપ્તો એવું જ નામાભિધાન કરે છે.) મોજ માટે **Enterteinment** માટે વાંચવી છે. સમયનો ખાલીપો ભરવો છે. **Time Pass** કરવો છે. કંટાળો આવે નહીં તે એની માગ છે. એટલે એમાં રહસ્ય, પ્રેમ અને સામાજિક સંબંધો જ કેન્દ્ર સ્થાને હોય છે. અશ્વિની ભટ્ટની અતિ લોકપ્રિય અને ખૂબ વંચાયેલી-વંચાતી ધારાવાહિક નવલકથાઓમાં કેન્દ્ર સ્થાને રહસ્ય છે. તો સ્વ. પ્રિયકાંત પરીખની અતિ લોકપ્રિય - ખૂબ વંચાયેલી ધારાવાહિક નવલકથાઓમાં પ્રેમ અને સામાજિક સંબંધોના તાણાવાણા કેન્દ્ર

સ્થાને છે. વર્તમાનમાં પુષ્કળ લખતાં કાજલ-ઓઝા-વૈદ્યની ધારાવાહિક નવલકથાઓમાં પ્રેમ,સ્ત્રી અને સામાજિક સંબંધો કેન્દ્ર સ્થાને છે, તો હમણાં જ અખબારી ધારાવાહિક લેખનક્ષેત્રે પ્રવેશેલા યુવા લેખક ધૈવત ત્રિવેદીની "લાઈટ હાઈસ" અને હાલમાં ચાલી રહેતી કૃતિ "64 સમરહિલ-" માં (બંને ગુજરાત સમાચારમાં પ્રગટ થઈ રહી છે) રહસ્ય કેન્દ્ર સ્થાને છે. રહસ્ય કેન્દ્રી કૃતિઓમાં આર્થર કાન ડોયલની " જેમ્સ બોન્ડ ૦૦૭" ની દિલધડક અથડામણો, હિન્દી ફિલ્મોમાં આવતા વિલનના અટપટા અડ્ડા જેવાં ભૂલભૂલામણી ભરેલાં સ્થાનોનાં ભૌગૌલિક વર્ણન, બધું ખીચોખીચ હોય છે. અખબારી ધારાવાહિક નવલકથાનો લેખક વાચકને હપ્તાના આરંભથી અંત સુધી બંધક બનાવી દેવા કથા પ્રપંચ રચે છે. અને એમાં અંતભાગે હવે પછી પ્રગટ થનારા હપ્તા માટે જબરજસ્ત ઉત્સુકતા જગાડી મુકે છે.

"સરમુખત્યારશાહીમાં રહીને પણ જો સર્જકો પોતાનું સર્જન તરીકેનું વ્યક્તિત્વ અખંડ રાખવાને ગમે તેવો ભોગ આપવાની તત્પરતા બતાવતા હોય તો પછી લોકશાહીમાં લેખક લોકરૂચિનો દાસ બની જતો જોઈને દુઃખ થયા વિના રહે ?" (૧)

જો કે સુરેશ જોષી અખબારી ધારાવાહિક પ્રકારની લોકપ્રિય નવલકથાના પ્રખર વિરોધી હતા. માત્ર લોક રૂચિ કે વાચક રૂચિને લક્ષમાં રાખી, વાચક સંખ્યા વધારવાના હેતુથી જ લખાતી - છપાતી નવલકથાઓ સામે તેમણે વખતોવખત તીવ્ર આક્રોશ રજૂ કર્યો છે.

અખબારી ધારાવાહિક નવલકથાના લેખકને તત્કાળ પરિણામ અને અને પ્રતિભાવ જોઈએ છે. એની મથામણ જ એ છે. અખબારમાં પ્રગટ થતી નવલકથા એ દિવસ પૂરતી જ વાચન ક્ષમતા ધરાવે છે.બીજા દિવસે નવું અખબાર આવી જાય એટલે એ નવલકથાના એ પ્રકરણની કાળસમાપ્તિ. વળી સાતમા દિવસે તો બીજું પ્રકરણ આવી જવાનું . એટલે પ્રગટ થાય તે જ દિવસે વાચક સ્વીકાર મળે તે અખબારી ધારાવાહિકના લેખક માટે ખૂબ જ અગત્યનું છે. એમાં સફળ થવાય તો જ અખબારી ધારાવાહિકનો લેખક ટકે.

અખબારી ધારાવાહિક નવલકથામાં ફરજીયાત લખવાનું દબાણ અને સમયની પાબંધીને કારણે કૃતિમાં નબળાઈ આવે છે તેના આરોપ સામે ઝવેરચંદ મેઘાણી કહે છે. "જે લાંબી વાર્તાઓ લખી છે તેમાંની અમુક અઠવાડિક હપ્તે છાપામાં મુકાતી લખાઈ. દર અઠવાડિયે, મારી કેટલીક વાતો છેલ્લા કલાકોમાં , હપ્તો પડવા ન દેવાય નહીં તો વાચકોમાં નિરાશા થાય એ એક જ મુખ્ય

દબાણ હેઠળ, લખાઇ, 'વેવિશાળ' અને 'તુલસી-કયારો'નાં એ રીતે લખેલાં પ્રકરણોને લોકોએ ઉત્તમ કહ્યાં.વિવેચકોએ પણ વખાણ્યાં, છતાં સમગ્ર પણે એ સારી ઠરેલી કૃતિઓનો પણ જેમને વાંક કાઢવો હતો તેમણે નબળા અંશો દેખાડવાને બદલે એમ કહી દીધું કે કટકે કટકે લખાયું હોવાથી જ આ ખામી રહી ગઇ !"

અખબારી ધારાવાહિક નવલકથા કલાકૃતિ થઇ શકતી નથી એ માટે ઉતાવળ અને એકધારા લેખનનો અભાવ ગણાવાય છે. પણ તેની સામે ઝવરેચંદ મેઘાણી કહે છે. "વસ્તુત : મારી કૃતિઓના જે કંઇ દોષો કે ગુણો હોય તે કટકે કટકે , ઉતાવળે કે અમુક ખાસ જરૂરિયાતને પહોંચી વળવા ખાતર લખ્યા ન જ હોઇ શકે. દોષો, ગુણો જે કંઇ હોય તેનું કારણ તો લેખકની અંદર અગોચર પણે પડેલુ ચિત્તતંત્ર છે. કોઇ કૃતિ બાર વરસ રાખ્યાથી પરિપકવ બની જતી નથી. અનેક કૃતિઓ પહેલે જ તડાકે તૈયાર સ્વરૂપે બહાર આવે છે " (૨)

અખબારી ધારાવાહિક નવલકથાનો અખબારનો ફેલાવો વધારવાનો અને તે દ્વારા અખબારની આવક વધારવાનો હેતુ પણ છે. અખબારી ધારાવાહિકનું લેખન અને પ્રકાશન કોઇ શુદ્ધ સાહિત્ય પ્રચાર-પ્રસાર માટે હોતું નથી. અર્થશાસ્ત્રની ભાષામાં કહીએ તો અહીં બજાર હાજર છે. અહીં નવલકથા એક **(Comodity)** વસ્તુ તરીકે છે. જેનો આશય આર્થિક પણ છે. આધાર પણ આર્થિક છે. એટલે એ જ અર્થશાસ્ત્રની ભાષામાં આગળ વધીએ તો એ નવલકથાનું ઉત્પાદન એક ચોકકસ બજારને લક્ષમાં રાખીને થાય છે. અને જ્યારે બજારલક્ષી વસ્તુનું ઉત્પાદન થતું હોય ત્યારે તેનું ક્લેવર ગ્રાહકલક્ષી-અહીં વાચકલક્ષી જ રહે. એટલે અખબારી ધારાવાહિક નવલકથા કોઇ ખાસ વર્ગ, કે સીમિત વર્ગ માટે નથી હોતી. તે જનસમૂહ માટે નિર્માણ પામે છે. અખબારી ધારાવાહિક નવલકથા **Class** ની નહીં **Mass** ની જરૂરીયાત પૂરી પાડવા લખાય- પ્રસિદ્ધ કરાય છે. એટલે એનામાં **Classical** કૃતિ બનવાની ગુંજાઇશ ઓછી હોય જ તે સ્વાભાવિક છે. ક્યારેક કોઇ કૃતિ આ મર્યાદા ઓળંગી પણ જાય. પણ એ અપવાદમાં બેસે.

"ગોવર્ધનરામ પછી નવલકથાના સ્વરૂપને થોડુંક પાછળ પાડીને ક.મા. મુનશીએ રોમાન્સનાં તત્વોનો વિનિયોગ કર્યો હતો. છતાં 'ગુજરાતનો નાથ' તમામ સ્તરના વાચકોને સ્પર્શી ગઇ . 'પીળા રૂમાલની ગાંઠ' ના લેખ, મુનશીજીની સફળતાનું રહસ્ય બરાબર જાણે છે.અને રોમાન્સનાં તત્વો જતાં કરવા માંગતા નથી. એમને વાચક નિષ્ઠા ફળે છે અને.... સાપ્તાહિકના ફેલાવાના

વિક્રમો સર્જે છે." (૩)

હું ધારાવાહિક નવલકથા માટે વાચકોને પકડી રાખે તેવું વસ્તું પસંદ કરું છું.....ધારાવાહિક નવલકથા પ્રગટ કરતાં દૈનિકો-સાપ્તાહિકોના સંચાલકો-સંપાદકો પણ આવું જ ઇચ્છતા હોય છે. (૪)

૨. "આ બજારનો ઉલ્લેખ થયો એટલે ફરીથી સુરેશ જોષીના પુણ્ય પ્રકોપ સાંભરે. અખબારી ધારાવાહિક નવલકથાઓ વિષે તે કરે છે. ".....એમની વાસ્તવિકતા તો અખબારી વાસ્તવિકતા હોય છે. છાપામાં ચમકેલા સમાચારથી એમની ગરજ સરે છે. તેઓ સાહિત્ય સિદ્ધ કરે છે કે નહિ તે તો કોણ જાણે, પણ લોકપ્રિયતા એમને વરે છે. બજાર એમનાં હાથમાં છે. પ્રકાશકો એમની મુટ્ઠીમાં છે, એમાં જો કોઇ અખબારનાં સાહિત્યનું પાનું પણ એમના હાથમાં આવ્યું તો પ્રયોગ કરવા મથતા ઉત્સાહી નવલકથાકારોને તેઓ ઠેકાણે લાવી દે છે, ને જો પેલામાં ઝાઝુ સત્વ ન હોય તો એને પોતાની ન્યાત ભેગો કરી દે છે. આથી સારી આશા આપનારા ઘણા નવલકથાકારો હવે નવલકથા લેખનને કેવળ વ્યવસાય તરીકે સ્વીકારીને બેઠા છે."

આવો જ મત ભગવતીકુમાર શર્મા પણ ધરાવે છે. તેઓ ભય વ્યક્ત કરે છે કે અત્યારે થોકબંધ આવતી લોકપ્રિય નવલકથાઓના ભાર તળે નવલકથાનું કલાત્મક સ્વરૂપ કચડાઇ જશે. તો દર્શકે પણ ધારાવાહિક નવલકથા કલાની દૃષ્ટિએ નબળી જ રહે એવો મત દર્શાવ્યો છે.

અખબારી નવલકથાનું આયુષ્ય કેટલું ? એવો પ્રશ્ન સતત પૂછાતો રહે છે. આમ સીધો જવાબ એવો નીકળે કે એક દિવસ અને નવલકથા અખબારમાં પૂરી થાય ત્યાં સુધી. જો કે એના જવાબમાં જ પ્રતિપ્રશ્ન એ પણ ઉભો કરાય કે અખબારી ધારાવાહિક ન હોય અને પુસ્તક રૂપે પ્રગટ થઇ હોય તે નવલકથાઓનું આયુષ્ય પણ કેટલું ? અહીં આયુષ્ય કેટલું નો અભિપ્રેતાર્થ એ નથી કે પુસ્તક પુસ્તકાલયનાં કબાટોમાં વર્ષો સુધી પડ્યું રહે, પણ એ છે કે એ કેટલા લાંબા સમય સુધી કે લખાયાના કેટલાં વર્ષો પછીય વ્યાપક પણે વંચાતુ રહે છે.

લિટમસ પેપર જેવો એક ટેસ્ટ સૂઝે છે, ધ્રુવ ભટ્ટની નવલકથા 'સમુદ્રાન્તિકે', અશ્વિની ભટ્ટની ' આખેટ,ઓથાર કે અંગાર' નવલકથા , કાજલ -ઓઝા વૈદ્યની ' કૃષ્ણાયન' નવલકથા, પ્રિયકાન્ત પરીખની 'દરિયા ડૂબ્યા સાત' નવલકથા, હરકિશન મહેતા 'જોગ સંજોગ' નવલકથાઓમાંથી કઇ આવતાં વર્ષોમાં વંચાતી રહેશે ? જ્યોતિષીની ભવિષ્યવાણી સિવાય કોઇ

માર્ગે જવાબ મળી શકે તો ઉપરના બંને પ્રશ્નો સાચા જવાબ મળી જાય.

ફરી આગળની ચર્ચા સાથે તંતુ સાંધીએ અખબારી ધારાવાહિક નવલકથા બજારને સંલગ્ન છે. તો અખબારી ધારાવાહિકનો લેખક કળાકાર કે કસબી ? આમ તો પ્રત્યેક કસબમાં એક કળા તો હોય જ છે. પણ પ્રત્યેક કળા એ માત્ર કસબ નથી. કળાકાર બજારને ધ્યાનમાં રાખી કલાકૃતિ સર્જતો નથી. કસબી બજારની આવશ્યકતા અનુસાર પોતાની કળાને કસબના આધારે ઘાટ આપે છે. અખબારી ધારાવાહિક નવલકથા, સાહિત્યનાં નવલકથા સ્વરૂપનાં આગળના પ્રકરણમાં ચર્ચામાં આવ્યાં તેવાં શુદ્ધ ધોરણોને અનુસરી શકતી નથી.અખબારી ધારાવાહિકને એ ધોરણોની સરાણે ચઢાવો તો એનું સ્વરૂપ ટકી ન શકે. અખબારી ધારાવાહીક માંગ અહીં તત્કાલીન વાચકોની રૂચીને અનુસરે છે. કળાકાર પોતાના કળા સ્વરૂપને અનુરૂપ ભાવકની ઘડે છે. અથવા તો ભાવકે (જેને સહૃદયી કહ્યો છો તે ) સજ્જ થઈ એક કળાનો આસ્વાદ કરવો પડે છે. જ્યારે કસબી ભાવક આસ્વાદ લઈ શકે, એની રૂચિને બંધબેસતુ આવે એવું સર્જન કરે છે. કળાકાર એના સર્જનને પૂર્ણપણે સમર્પિત અને વફાદાર હોય છે. કસબી એના ઉપભોક્તા પ્રત્યે ગુણો ધરાવે છે. એટલે અખબારી ધારાવાહિક નવલકથા કળા (**Art**) કરતાં કસબ **(Craft)** વધારે છે. અશ્વિની ભટ્ટ જેવા તો જાહેર રીતે સ્વીકારે છે. કે "મને કોઈ ક્રાફટમેન, કસબી કહે તો ય વાંધો નથી."

અખબારી ધારાવાહિક નવલકથા કલાસહ કસબ છે. કલાથી રસાયેલો કસબ છે. કલાયુક્ત કસબ છે. પણ તે નિર્ભેળ કળા નથી.

અખબારી ધારાવાહિક નવલકથા સમકાલીન (**Contempoary**) છે. જો સગવડ ખાતર શિષ્ટ નવલકથા એટલે અખબારી ધારાવાહિક નહીં એવો ઓળખબિલ્લો લગાવી ચાલીએ તો અખબારી ધારાવાહિક એના વર્તમાન સાથે ચાલે છે, તાલ મિલાવે છે અને એ મુજબ પરિવર્તન સાધે છે. કારણ સૌથી મોટું એ કે એ વર્તમાનપત્ર સાથે સંકળાયેલી અને વર્તમાનપત્ર દ્વારા વંચાતી કૃતિ છે. અખબારી નવલકથાનો મૂળ કાળ વર્તમાન છે. અખબારી ધારાવાહિક નવલકથા વર્તમાનની અસરથી મુક્ત રહી નથી શકતી.

અહીં થોડીક વાત મિડિયા ક્રાંતિ અને માનવ વલણોની પણ વિચારવી રહી. ટેકનોલોજીએ માણસને અતિશય નાના કાળખંડનો બનાવી દીધો છે. જેને ટેકનોલોજીના અભ્યાસી ડેનીયલ જે.

બૂરસ્ટન **'Chronological myopia'** તરીકે ઓળખાવે છે. સામાન્ય માણસ ખૂબ પાછળનું કે અતિદૂરનું જોવા નથી માગતો. કદાચ એને એ ફાવતું પણ નથી. એ વર્તમાનના વધુમાં વધુ વ્યાપને અનુભવી શકે છે. અખબારનો વાચક સામાન્ય માણસ છે. એ આ વર્ગમાં આવે છે. એટલે એના માટે લખાતી નવલકથા વર્તમાનને જ વહન કરે છે. ઘણીવાર ખૂબ લાંબી ચાલતી ધારાવાહિક નવલકથામાં એકસૂત્રતાનો અભાવ દેખાય તેનું કારણ આ જ છે.

અખબારી ધારાવાહિક નવલકથા અને અખબાર વચ્ચે એક અજીબ વિરોધાભાસ, પ્રગટ યા પ્રચ્છન્ન રહે છે. માર્શલ મેકલુહાન **'Media is the message'** કહે છે. અખબાર (**Print media**) મુદ્રીત માધ્યમ છે. એટલે કોઇને કોઇ સંદેશ વહન કરે છે. અખબારની ભૂમિકા તંત્રીની છે. એ સમાજનાં હિતોની રખેવાળી કરે છે. વાચક સમુદાયને (સમાજને) તેનું હિત-અહિત સમજાવે છે. સ્થિતિઓનું વિશ્લેષણ કરી સાચા -ખોટાનો ખ્યાલ આપે છે. જ્યારે એનાથી ઉલટું ,અખબારી ધારાવાહિક નવલકથાનો આશય માત્ર મનોરંજનનો છે. વાચક પાસે નવરાશનો જે સમય છે એ રોમાંચ, ઉત્તેજના , સાહસ, નાટ્યાત્મકથી ભરી દેવા માટે જુદાં જુદાં માધ્યમો સક્રિય રહે છે તેમ અખબારી નવલકથા પણ. અખબારી નવલકથા કોઇ બોધ આપવા માટે હોતી નથી. નથી હોતી અખબારી નવલકથામાં એના વાચકની વિચારધારાને પલટી નાખવાની તૈયારી કે તાકાત. આ નવલકથા એના વાચકને અનુભૂતિ કરાવી આનંદ આપે છે. પણ એની સંવેદનાને સંકોરે, ડચકારે , સળવળાવે તેવું નથી કરતી. એમાં માનવ પ્રકૃતિના તાણા-વાણાની ગૂંથણી ય મનોરંજન માટે અને એને પોષક બને તેવી એવી રીતે જ થાયછે. (આમાં કોઇ અપવાદ કૃતિ આવી જાય તે અલગ ગણાય) સાહિત્યના કાર્યમાં કાન્તા સંમિતયો યુજે. પત્નીની જેમ પ્રેમથી સમજાવટ કરી સત્યદર્શન કરાવવાનો ગુણધર્મ કે કાર્યધર્મ અખબારી ધારાવાહિક નવલકથાનો નથી. ઉલટું વર્તમાનપત્રમાં આલેખાયેલી સમકાલીન કપરી સ્થિતિઓ, બનાવોથી આહત બનેલા વાચકને ધીરેથી એક પ્રકારની મદહોશીમાં લાવી હળવો કરવાનું, આનંદીત કરવાનું કાર્ય કરે છે. અખબારી ધારાવાહિક નવલકથા કોઇ યુગ પરિવર્તન કરવાનું, તે માટેનું સાધન નથી. એ એની તાસીર પણ નથી.

"દૈનિકપત્રોમાં હપ્તાવાર ચાલતી નવલકથાઓમાં વાચકોની ઉત્કંઠા અને રસ જળવાઇ રહે એવી કાળજી રાખવી પડતી હોવાથી એટલે અંશે શુદ્ધ કલા કરતાં લોક ભોગ્યતા અને દૈનિકપત્રની જરુરીયાતને લક્ષમાં લેવી જ પડે છે." (૫)

"ધારાવાહિક નવલકથા લખતી વખતે લેખક જો લોકરૂચિનો , તેઓના મનોરંજનનો ખ્યાલ રાખે, દરેક પ્રકરણના અંતે વાચકોને કૌતુકપ્રેરક આંચકો આપવાની પદ્ધતિ અજમાવે તો નવલકથા લોકિપ્રય બને, પણ તે કલાત્મક અને સાહિત્યિક બનવાનો ઝાઝો સંભવ નથી. અખબારમાં ધારાવાહિક સ્વરૂપે પ્રગટ કરતાં પહેલાં પૂરી લખાયેલી અને અખબારી માગ તથા મર્યાદાઓથી અલિપ્ત એવી નવલકથાઓ પણ જો અખબારોમાં પ્રગટ થતી રહે તો તે દ્વારા લોકરૂચિનું ઊર્ધ્વીકરણ શક્ય બને " (૬)

- શ્રી ભગવતીકુમાર શર્મા

શ્રી ભગવતીકુમાર શર્માની હપ્તાવાર છપાયેલી "ઊર્ધ્વમૂલ" અને "અસૂર્યલોક" નવલકથાઓ એમણે ઉલ્લેખેલા સ્તરની છે. પણ તેને અખબારી ધારાવાહિક નવલકથા ન ગણાય. અખબારી ધારાવાહિક નવલકથા સાહિત્ય કે કલાતત્વને નહીં, વાચકને વફાદાર અને જવાબદાર હોય છે.

અહીં વચ્ચે જરાક ઝવેરચંદ મેઘાણીનો ઉલ્લેખ કરવો જરૂરી બનશે. એમની કેટલીક નવલકથાઓ અખબારી નવલકથા ગણાય. પણ અખબારી ધારાવાહિક નવલકથા ન ગણી શકાય. મેઘાણીભાઈએ ‘ફૂલછાબ’ અખબાર સાથે ભેટ આપવા માટે પણ ‘ગુજરાતનો જય’ તથા બીજી જે કેટલીક નવલકથાઓ લખી છે. આ નવલકથાઓ ધારાવાહિક સ્વરૂપે હપ્તાવાર પ્રગટ થઈ નથી. પણ અખબારના વાચકને ભેટ આપવા માટે લખાઈ છે. કોઈપણ ભેટ એના સ્વીકારનાર માટે આનંદનું પ્રયોજન બનવું જોઈએ. એમ એમની આ પ્રકારની નવલકથાઓ પણ મનોરંજક છે. એમાં મેઘાણીની બીન અખબારી કૃતિઓ જેટલું સત્વ નથી. વાચક રીઝે એ મૂળ હેતુ હોવાથી કૃતિ ત્યાં પહોંચી અટકી જાય છે.

આ છાપાળવી કૃતિઓ, ધારાવાહિક કૃતિઓ તરીકે વખોડાતી પોતાની કૃતિઓના બચાવમાં ઝવેરચંદ મેઘાણીએ કહેલું કે,

"પ્રસંગ પર કે પ્રસંગ વગર છાપામાં મૂકવામાં લખ્યું એટલે મારું કેટલુંય સર્જન છપાવવું કહેનારા વિવેચકો નીકળ્યાં .....એ જો સાચવી રાખીને કોઈ માસિક કે પરબારું ગ્રંથરૂપે આવત તો છપાવવું ન કહેવાત ! કેવી રમૂજી વાત છે !"

અખબારી ધારાવાહિક નવલકથાની ભાષા પણ શિષ્ટ નવલકથાથી જુદી પડે છે. પંડિતયુગી સર્જક નરસિંહરાવે (મેઘાણી સંદર્ભે) કંઈક ઉપેક્ષાથી અને ઉપહાસથી કહેલું કે લોકોની બોલચાલની

ભાષામાં સાહિત્ય ન લખાય. પણ અખબારી ધારાવાહિક નવલકથામાં ભાષા, સામાન્ય રીતે વાચકો બોલચાલમાં વાપરતા અને સમજતા હોય તેવી પ્રયોજાય છે. અખબારી ધારાવાહિક નવલકથાને ભાષા વૈભવ કે આડંબર પોસાતો નથી. એનો વાચક સમજે તેવી સરળ ભાષા એને ખપ લાગે છે. એમાં અંગ્રેજી, હિન્દી કે અન્ય ભાષાના પ્રચલિત શબ્દો પણ આવે. ભાષામાં અતિ પાંડિત્ય, લાલિત્ય કે જટીલતા આ નવલકથામાં ચાલતી નથી.

સુરેશ જોષીએ નવલકથામાં ઘટનાલોપનો ખ્યાલ આપેલો. એ ગાળામાં ઘણા પ્રયોગશીલ અને એબ્સર્ડ યુગથી પ્રભાવિત લેખકોએ એનો ઉપયોગ કરી નવલકથાઓ લખી પણ છે. પરંતુ અખબારી ધારાવાહિક નવલકથામાં તો અચૂક પણે ઘટના હોવી જ જોઈએ. ઉલટાનું આ નવલકથામાં તો ઘટનાઓની ભરમાર રહે છે. વાચકને એક ઘટનામાંથી બીજીમાં એમ યાત્રા આનંદ આપે છે. વળી અખબારી ધારાવાહિક નવલકથા હપ્તાવાર પ્રગટ, થતી હોવાથી અને લખાતી પણ હોવાથી તત્કાલીન ઘટનાઓના આધારે નવી ઘટનાઓ ઉમેરાતી પણ જાય છે. એટલે અખબારી ધારાવાહિક નવલકથા ઘટનામૂલક અને ઘટના પ્રચૂર હોય છે.

અખબારી ધારાવાહિક નવલકથામાં ખાસ કલ્પનો, પ્રતિકોનો ઉપયોગ પણ કરાતો નથી. એની શૈલી પણ સીધી સાદી વર્ણનાત્મક **(Narrative)** હોય છે. કારણ કે એનો વાચક કોઈ વિશેષ પ્રકારની સજ્જતા ધરાવતો નથી.

અખબારી ધારાવાહિક નવલકથામાં વાચક પણ લેખક પર અસર પાડે છે. છપાતી જતી નવલકથાના પ્રત્યેક વળાંક પર બહોળા પ્રમાણમાં વાચકોના પ્રતિભાવો, નારાજગી, સૂચનો, દિશાનિર્દેષ પત્રોથી રૂબરૂ કે અન્ય રીતે મળતાં જ રહે છે. ઘણીવાર તો વાચકો રીતસર પોતાને ન ગમતા વળાંકને ફેરવવા લેખક પર ભારે દબાણ સર્જી દેતા હોય છે. (સ્વ.પ્રિયકાંત પરીખની એક ધારાવાહિક નવલકથામાં અંત બદલવા વાચકોએ ભારે દબાણ ઉભું કર્યું હતું.) લેખક પણ વાચકોની માગ અને મરજીને અનુસરવાનું મુનાસિબ સમજે છે. કારણ અખબારી ધારાવાહિક નવલકથા આખરે તો વાચક માટે છે. વળી પ્રગટ થયેલી નવલકથામાં ફેરફારને અવકાશ રહેતો નથી. જ્યારે અહીં તો એનો અવકાશ સતત રહે છે. એટલે ધારાવાહિક નવલકથા પ્રત્યેક હપ્તે કે હપ્તાઓએ ઘાટ-રૂપ બદલતી રહે છે.

"......શરૂઆતમાં ત્રણેક પ્રકરણ આપેલાં અને નવલકથાની જાહેરાત માટે આકર્ષક

'ટૂંકસાર' પણ લખી મોકલેલો. નવલકથા પૂરી થઇ ત્યારે પૂર્તિના સંપાદકે મને પૂછયું : 'રાણપુરા, તમે સિનોપ્સિસ લખી આપ્યું હતું તેમાં જે યુવતીનું પાત્રાલેખન તમે કરવાનું જણાવ્યું છે તેનાથી ઉલટું જ થયું. આવું કેમ બન્યું ?"

મેં કહ્યું : " લખતી વખતે જેમ જેમ હું આગળ વધતો ગયો તેમ તેમ મંથન ચાલતું ગયું. મારે એક યુવતીને ચારિત્રહિન શા માટે બતાવવી જોઇએ ? એનો શો અપરાધ ? શા માટે એ તેની સામે ચાલતાં પરિબળો સામે લડી ન શકે ? અને આ લાગણી એટલી બળવત્તર બની કે વાર્તાની જાહેરાત માટે લખી આપેલું યુવતીનું પાત્રાલેખન બદલાઇ ગયું..."

નવલકથાકાર દિલીપ રાણપુરાએ 'નૂતન ગુજરાતમાં'તેમની નવલકથા 'કૂંપળ ફૂટ્યાની વાત' ના પૂરા લેખનકાર્ય અંગે જણાવેલી ઉપર મુજબની પ્રક્રિયા ધારાવાહિક નવલકથામાં સહજ છે.

*****

## સંદર્ભ સાહિત્ય

(૧) જોષી સુરેશ, ‘કથોપકથન’, પૃષ્ઠ- ૭૪

(૨) મેઘાણી ઝવેરચંદ , ‘લિ. હું આવું છું’, મૂળરાજ અંજારિયા પરનો પત્ર

(૩) ચૌધરી રઘુવીર, શર્મા રાધેશ્યામ, ‘ગુજરાતી નવલકથા’, પૃષ્ઠ - ૪૭૩

(૪) ડૉ. ઠાકોર અમિતા, ‘સાહિત્યરંગી પત્રકારત્વ’, પૃષ્ઠ -૧૭૯

(૫) ડૉ. શાહ પ્રીતિ, ‘સમૂહ માધ્યમો અને સાહિત્ય’, પૃષ્ઠ - ૮૧

(૬) મેઘાણી ઝવેરચંદ , ‘લિ. હું આવું છું’

## તપસીલ : ૨

## અખબારી નવલકથા : લખાતી ધારાવાહિક-છપાતી ધારાવાહિક

ધારાવાહિક નવલકથાની ગંગોત્રી અને ઉદ્‌ગમબિંદુ કયાં ? ધારાવાહિક નવલકથાને પૂર્ણ સાહિત્યક કે સાહિત્યિક તરફ ઝોક ધરાવતાં કે સાહિત્યકાર અથવા સાક્ષરો-પંડિતો દ્વારા પ્રકાશિત સામાયિકોએ આ નવલકથાનાં ઉદ્‌ગમબિંદુ. જેમ કે કનૈયાલાલ મુનશીની કાળથી ‘ગુજરાતનો નાથ’ અને ‘પૃથિવી વલ્લભ’ નવલકથાઓ હાજી મહંમદ અલારખાના પ્રસિદ્ધ સામયિક વીસમી સદીનાં હપ્તાવાર પ્રગટ થઇ. ‘ધૂમકેતુ’ની ‘પૃથ્વીશ’, ‘રાજમુગટ’ નવલકથાઓ છેક ઓગણીસમી સદીના ત્રીજા દાયકાના પ્રારંભે ‘નવચેતન’ તથા ‘સૌરાષ્ટ્ર’ જેવા સામાયિકોમાં ધારાવાહિકરૂપે પ્રગટ થઇ. ૧૯૧૩-૧૪ માં મુનશી ‘ઘનશ્યામ’ ઉપનામથી લખે છે. ને એમની પ્રારંભની ‘વેરની વસુલાત’નવલકથા ગુજરાતી સામાયિકમાં પ્રગટ થઇ. ‘પ્રજાબંધુ’ જે પછીથી ‘ગુજરાત સમાચાર’ (વર્તમાનનું )માં ફેરવાયું એમાં ઇશ્વર પેટલીકરની યશસ્વી નવલકથા ‘જનમટીપ’ હપ્તાવાર પ્રગટ થઇ. આજ ‘પ્રજાબંધુ’માં ચુ.વ.શાહની નવલકથાઓ પણ ધારાવાહિકરૂપે પ્રગટ થઇ. તો રમણલાલ વ. દેસાઇનો ધારાવાહિક નવલકથાઓ પ્રારંભ કરવાનો યશ ‘સયાજી વિજય’ને ફાળે જાય છે.

અહીં ધારાવાહિક કે હપ્તાવાર નવલકથાના સ્વરૂપ પ્રાગટ્ય પાછળનાં કારણો પડેલાં છે. નવલકથા તો ગુજરાતીમાં ‘કરણઘેલો’થી આરંભાય છે. પણ આ ધારાવાહિક કે હપ્તાવારી નવલકથા તરીકે એ ઓળખાતી થાય છે, સામાયિકમાં એના પ્રાગટયથી શુદ્ધ સાહિત્યક કે સાહિત્યબહુલ સામગ્રી ધરાવતાં સામાયિકોમાં સાહિત્યનાં કવિતા, નિબંધ, નવલિકા, નાટક ઇત્યાદી તો એના લઘુસ્વરૂપને કારણે એકસાથે એક જ અંકમાં પ્રગટ કરવા સરળ હતાં.પણ નવલકથાનું તો કદ - કાઠું અતિ વિસ્તારી દીર્ઘ હોય એટલે એક અંકમાં એ સમાવી ન શકાય. અને નવલકથા પ્રકારને પ્રગટ કર્યા વિના ચાલે પણ નહીં. એ કશ્મકશમાંથી ઉકેલરૂપે નવલકથાને હપ્તાવાર પ્રગટ કરવાની યુક્તિ વિચારાઇ . અને ક્રમશઃ કે ધારાવાહિક કે હપ્તાવારી નવલકથાઓ એનું નામાભિધાન થયું. પ્રારંભે લગભગ બધી જ ધારાવાહિક નવલકથાઓ સાપ્તાહિકો, પખવાડિક કે માસિકમાં પ્રગટ થતી રહી. ત્યારના તેના સ્વરૂપમાં અને પછી દૈનિકોમાં પ્રગટ થતાં તેના સ્વરૂપમાં મોટો ફેરફાર

થયો. પહેલાં, સામાયિકના કાળખંડમાં ગણમાન્ય કે શિષ્ટ (લોકપ્રિય નહીં. આ વિશેષણ અહીં માત્ર સામાન્ય ઓળખ માટે જ વાપર્યા છે. કારણે લોકપ્રિય હોય તે શિષ્ટ ન હોય ? સહિત ઘણા પ્રશ્નો-વિવાદો ત્યાં ઉભા છે. પણ એ અહીં વિષયબહાર હોવાથી માત્ર ઓળખ પૂરતાં જ ઉપયોગમાં લીધો છે.) લેખકોની કૃતિઓ જ પ્રગટ થઇ. એમાં ગુજરાતી નવલકથાના ટોચના લગભગ બધા જ નવલકથાકારો આવી જાય છે.

અહીંયાં એક વધુ સ્પષ્ટતા ધારાવાહિક નવલકથાઓ અંગે કરવી જરૂરી બને છે. અગાઉથી એક સાથે લખાઇને પૂર્ણ થયેલી નવલકથાઓ, સામાયિકમાં પ્રસિદ્ધ કરવાની માત્ર સરળતા ખાતર હપ્તાવાર પ્રગટ થાય તેને ધારાવાહિક નવલકથા ગણાય ? મનુભાઇ પંચોળી ‘દર્શક’ની ‘સોક્રેટીસ’ નવલકથા તો અગાઉ સંપૂર્ણ લખાઇ ચૂકી હતી.પછીથી તે હપ્તાવાર પ્રગટ થઇ. એવું જ એમની ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ ના ભાગ-૩ માટે પણ થયું હતું. લખાઇને એ પહેલાં પૂર્ણ થઇ પછી પ્રગટ થઇ.

શ્રી રઘુવીર ચૌધરીની ‘વેણુ વત્સલા’, ‘જન્મભૂમિ’ માં ધારાવાહિક નવલકથા રૂપે હપ્તાવાર પ્રગટ થઇ, પણ તે અગાઉથી લખાઇને પૂર્ણ થયેલી હતી. એવું જ એમની ‘વચલું ફળિયું’, ‘લાવણ્ય’, ‘ઇચ્છાવર’,‘ગોકુળ’ જેવી નવલકથાઓનું પણ છે. એ જ રીતે કુંદનિકા કાપડિયાની બહુ પ્રસિદ્ધ નવલકથા ‘સાત પગલાં આકાશમાં’ , વિનેશ અંતાણીની ‘ફાંસ’ અને ‘કાફલો’તથા હરીન્દ્ર દવેની ‘ગાંધીની કાવડ’ નવલકથાઓ પ્રગટ થઇ ધારાવાહિકરૂપે પણ તે પહેલાંથી લખાયેલી હતી.

જો આ નવલકથાઓને ધારાવાહિક કરીએ તો હપ્તાવાર લખતી જતી અને પ્રગટ થતી જતી નવલકથાઓ અલગ પડી જાય.હપ્તાવારી નવલકથાઓની નબળાઇઓ, લાક્ષણિકતાઓ અને ક્ષમતાઓ એમાં ઝીલાયેલી ન હોય.એટલે મારા મતે અગાઉ લખાઇને પૂર્ણ થઇ ગયેલી નવલકથા સામાયિકમાં હપ્તાવાર પ્રગટ થાય તેટલા માત્રથી તે અખબારી ધારાવાહિક ન બની જાય.

અહીં અખબારી કે સામાયિક નવલકથાઓ એક બીજો આયામ પણ હાજર છે. ઝવેરચંદ મેઘાણી ‘ફુલછાબ’ સંભાળે છે. ત્યારે એક નવો ચાલ તે આરંભે છે. ‘ફૂલછાબ’ના ગ્રાહકો કે વાચકોને નવલકથા, પુસ્તકરૂપે ભેટ આપવી. આ અખબાર કે સામાયિક સાથેની નવલકથાઓ થઇ. એ શુદ્ધ નવલકથા જ ગણવી રહી. એને ધારાવાહિક નવલકથા વિચારણા સાથે કોઇ સંબંધ રહેતો નથી. ગુજરાતની શ્રેષ્ઠ ગણાતી નવલકથાઓમાં જેની ગણના થાય છે એ પન્નાલાલ પટેલની

કાનજી અને જીવીનાં પ્રણય, વિરણ અને વેદના નિરૂપતિ 'મળેલા જીવ' નવલકથા 'ફૂલછાબ'ની ભેટ પુસ્તક માટે લખાયેલી નવલકથા છે. ઝવરેચંદ મેઘાણીની તો લગભગ નવલકથાઓ- 'વસુંધરાના વહાલાં દવલાં', 'રા'ગંગાજળીયો', 'પ્રભુ પધાર્યા', 'ગુજરાતનો જય ભાગ ૧-૨', 'વેવિશાળ' ઈત્યાદી-ભેટ પુસ્તક તરીકે જ લખાઇ છે. અખબારની આવશ્યકતા માટે લખાઇ છે, પણ હપ્તાવાર નથી. પણ માત્ર અખબાર માટે સર્જાતી કૃતિઓના ધોરણ અંગે પ્રકાશ પાડતા મેઘાણીભાઇના ઉમાશંકર જોશીને લખેલા પત્રો તપાસવા જેવા છે.

"વસુંધરાનાં વહાલાં-દવલાં" પંદર દિવસમાં જ ઘસડવું પડયું, બરાબર પંદર,.......તમે માનશો ? ત્રાજવડાં ત્રોફાવો, ત્રાજવડાં એટલી એક લાઇન ઉપરાંત મારી પાસે એક પણ વિચાર કે વસ્તુ હું લખવા બેઠો ત્યારે ન હોતાં." (૧)

"બાપુ, યુજિન ઓનિલની એવી કોઇ કૃતિ મને સત્વરે મોકલ. મારે તો 'વેવિશાળ' પૂરું થાય કે તુર્ત એવું નવું કંઇક રાંધેલુ જ પીરસવાની જરૂર પડશે. મૌલિક તો રોજ ક્યાંથી કાઢવું?...." (૨)

આ બેય પત્રો અખબારી નવલકથાનાં પાતળાં પોત અંગે ખાસ્સો ખુલાસો કરે છે. પણ અખબાર -સામાયિક સાથે અપાતી પુસ્તકકાર નવલકથા એ ધારાવાહિક કે અખબારી નવલકથા તો નથી જ.

'ફૂલછાબ'ની જેમ 'પ્રજાબંધુ' એ પણ ચુ.વ.શાહની 'મૂળરાજ સોલંકી', 'સોમનાથનું શિવલિંગ','ધારાનગરનો મુંજ', 'વિમળા' , 'લતા કે કવિતા' તથા 'નોકરીનો ઉમેદવાર' જેવી નવલકથાઓ પુસ્તકરૂપે ગ્રાહકોને ભેટ આપેલી. પણ ચુ.વ.શાહની ધારાવાહિક નવલકથા તો 'જિગર અને અમી' પ્રજાબંધુમાં પ્રગટ થઇ હતી. આ નવલકથા સત્ય ઘટના પર આધારિત હતી. આ નવલકથા પ્રગટ થતાં બહુ મોટો વિરોધ પણ થયો હતો. અહીં નોંધવું જોઇએ કે અખબારી ધારાવાહિકમાં અખબારની સામગ્રીનો પણ ઉપયોગ થાયછે. વર્તમાનના બનાવોને આધારે નવલકથા સર્જાય છે. અખબારી ધારાવાહિકમાં વર્તમાન એ અગત્યનું પાસું છે, તે અહીં ઝીલાયું છે.

હપ્તાવાર કે ધારાવાહિક નવલકથા લખવાના લેખકોમાં ગુણવંતરાય આચાર્ય એક નવું કિર્તિમાન, સ્થાપનારા મનાય. તે એક સાથે પાંચ -સતત નવલકથાઓ એક સાથે આરંભતા. જુદાં

જુદાં અખબારો-સામાયિકો માટે એ વાર દીઠ લખતા. એક દિવસે એક નવલકથાનું એક પ્રકરણ તો બીજા દિવસે બીજી નવલકથાનું પ્રકરણ. ત્રીજા દિવસે ત્રીજી , ચોથી, પંચમી, છઠ્ઠી, સાતમી એમ ગુણવંતરાય રોજ જુદી જુદી નવલકથાનાં વિવિધ ક્રમનાં પ્રકરણ લખતા. આ રીતે લખાતી અને પ્રગટ થતી કૃતિઓ ખરેખરી ધારાવાહિક કે હપ્તાવારી કૃતિઓ છે. આ રીતે લખતા લેખકોમાં જેઓ ગુજરાતી ભાષાનાં સામાયિકો- દૈનિકપત્રોમાં (સાહિત્યિક નહીં) ખૂબ જ વંચાતા રહ્યા છે ને લખતા રહ્યા છે, તેમાં મોહંમદ માંકડ, ભૂપત વડોદરિયા,પ્રિયકાંત પરીખ, વિઠ્ઠલ પંડયા , સારંગ બારોટ, જશવંત મહેતા, વર્ષા અડાલજા, મહેશ યાજ્ઞિક, કાજલ ઓઝા-વૈદ્ય,મન્નુ શેખચલ્લીના ઉપનામ સહિત અનેક તખલ્લુસોથી મર્યાદિત હપ્તાની નવલકથા લખતા લલીતલાડ, રાજભાસ્કર, અશ્વીન ભટ્ટ, ધૈવત ત્રિવેદી, દેવશંકર મહેતા, ચંદ્રકાંત બક્ષી, સૌરભ શાહ, હરકિશન મહેતા, ભગવતીકુમાર શર્મા સહિત અનેક નવલકથાકારોનો સમાવેશ થાયછે. આમાંથી અશ્વિની ભટ્ટ, પ્રિયકાંત પરીખ, કાજલ ઓઝા વૈદ્ય,લલીત લાડ, મહેશ યાજ્ઞિક, હરકિસન મહેતા જેવા લેખકો માત્રને માત્ર લોકપ્રિય નવલકથા ગણાતી અખબારી ધારાવાહિક નવલકથાઓ જ લખી છે. અને ભરપૂર લોકપ્રિયતા અને આદર પામ્યા છે.

ચૂનીલાલ મડિયાની ‘સધરા જેસંગનો સાળો’, ‘સધરા જેસંગના સાળાનો સાળા’, ‘ગ્રહાષ્ટક વત્તા એક’ જેવી હાસ્યરસના પ્રાધાન્યવાળી ધારાવાહિક નવલકથાઓ ‘સંદેશ’ અને ‘જન્મભૂમિ’માં પ્રગટ થઈ છે.

હરિન્દ્ર દવેની ‘માધવ ક્યાંય નથી’ જન્મભૂમિમાં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ. ચંદ્રકાંત બક્ષીની ‘હું કોનારક શાહ’, ‘હથેલી પર બાદબાકી’, ‘અક્ષતવન’, ‘હથેલી પર બાદબાકી’, ‘બાકી રાત’, ‘રીફ-મરીના’ , ‘ઝિન્દાની’ નવલકથાઓ પણ ધારાવાહિક રૂપે અખબારોમાં પ્રગટ થઈ હતી. તો ભગવતીકુમાર શર્માની ‘ઊર્ધ્વમૂલ’, ‘અસૂર્યલોક’ પણ ધારાવાહિક રૂપે ‘ગુજરાતમિત્ર’માં અને ‘જન્મભૂમિ‘માં ‘પ્રવાસી’માં પ્રગટ થઈ છે.

આ ધારાવાહિક નવલકથાઓને લોકપ્રિય નવલકથાઓ તરીકે લેબલ લાગી નથી ગયાં. તેમને શિષ્ટકૃતિઓમાં, માન્ય કૃતિઓમાં લેખાઈ છે. આ સિવાય પણ દર્શકની ધારાવાહિક નવલકથાઓ પણ લોકપ્રિય નવલકથાના લેબલમાંથી બચી છે.

અખબારી ધારાવાહિક નવલકથાની ખરી ઓળખ તો હપ્તાવાર લખાતી અને એમ જ હપ્તાવાર છપાતી જતી નવલકથા એ જ છે. આવી નવલકથાઓ જ અખબારી ધારાવાહિક

નવલકથાની બધી જ લાક્ષણિકતા ધરાવતી હોય છે. એટલે પહેલેથી હસ્તપ્રત તૈયાર હોય કે પુસ્તક બની ચૂકયુ હોય તેવી નવલકથા હપ્તાવાર છપાય તેટલા માત્રથી તે ધારાવાહિક નવલકથા બની જતી નથી.

**ડાકુ કથા :**

અખબારી ધારાવાહિક નવલકથાઓમાં 'ડાકુ કથા' ઓ પણ રહી છે. અલબત્ત ડાકુકથાઓ સ્વ. હરકિશન મહેતાની 'જગ્ગા ડાકુનાં વેરનાં વળામણાં ભાગ- ૧,૨,૩' અને 'ચંબલ તારો અંજપો ભાગ-૧,૨,૩' તથા અન્ય જૂજ (બે-ત્રણ)ને બાદ કરતાં સફળ થઇ નથી કે મુખ્યધારાનાં, અગ્રણી, સવારનાં દૈનિકોમાં તે સ્થાન પણ મેળવી શકી નથી. ગુજરાતી અખબારોમાં જે બપોરનાં અખબારો (ગુજરાતીમાં રાજકોટને બાદ કરતાં બપોરનાં અખબારોનું પ્રમાણ નહિવત્ રહ્યુ છે.) નીકળતાં જેનું સ્વરૂપ ફરફરિયાં જેવુ રહેતું તેમાં ડાકુકથાઓ ચાલતી. 'સંદેશ' દૈનિકના બપોરના અખબાર 'સેવક' માં જે તે વખતે ક્રાઇમ રિપોર્ટર તરીકે કામ કરતા કિરીટ ભટ્ટ રોજે રોજ ડાકુકથા ક્રમશ : લખતા. જો કે તેનું સ્તર તદ્ન નીચું રહેતું. એમાં ઢંગધડા વગર કથા પ્રવાહ ચાલતો, અશ્લિલ ચિત્રણો કારણ વગર ઉમેરાતાં, મારામારી અને ધાંય-ધાંય ધાણી ફૂટ ગોળીબાર થતા રહેતા પણ તેમાં લોકપ્રિય નવલકથાનું ય કોઇ સ્તર કે તત્વ કે સત્વ જળવાતું નહી. સાવ જ ફૂટપાટીયા વાચકો, પાનના ગલ્લેના વાચકોને લક્ષમાં રાખીએ ડાકુકથાઓ લખાતી. પણ એ સફળ ન હતી. ઘણીવાર તો અખબારની જગા ભરવા ઘસડી મારેલું લખાણ લાગતી, અખબારી નવલકથા તરીકે ડાકુકથાઓ પર લોકપ્રિય અને પ્રસિદ્ધ ગણાતા લેખકોએ પસંદગી ઉતારી નથી. વાચકોએ પણ કદાચ એ જ અભિગમ રાખ્યો છે. એટલે અખબારી ધારાવાહિક નવલકથામાં ડાકુકથાઓ કે ડાકુ વિષયક કથાઓ સ્થાન પામતી નથી.

*****

## પાદટીપ

(૧) મેઘાણી ઝવેરચંદ, લિ. હું આવું છું, પૃષ્ટ- ૨૦૫

ઉમાશંકરને બોટાદથી તા. ૭-૫-૧૯૩૭ નો પત્ર

(૨) મેઘાણી ઝવેરચંદ, લિ. હું આવું છું, પૃષ્ટ - ૨૩૭

ઉમાશંકરને બોટાદથી તા. ૨૪-૯-૧૯૩૮ નો પત્ર

## તપસીલ-૩

## ધારાવાહિક નવલકથા : અખબાર - અખબારી લેખકો

૧. અશ્વિની ભટ્ટ
૨. પ્રિયકાંત પરીખ
૩. ભૂપત વડોદરિયા
૪. શિવકુમાર જોશી
૫. ચંદ્રકાંત બક્ષી
૬. મોહંમદ માંકડ
૭. ચંદુલાલ સેલારકા
૮. હસુ યાજ્ઞિક
૯. ભવાની શંકર
૧૦. રજનીકુમાર પંડયા
૧૧. આબિદ સુરતી
૧૨. નેમ મોતા
૧૩. દિલીપ રાણપુરા
૧૪. વિઠ્ઠલ પંડયા
૧૫. વલ્લભદાસ દલસાણિયા
૧૬. પિનાકિન દવે
૧૭. રઘુવીર ચૌધરી
૧૮. મધુ રાય
૧૯. ધીરેન્દ્ર મહેતા
૨૦. ચીનુ મોદી
૨૧. સુમન શાહ
૨૨. રમેશ શાહ
૨૩. નૈના ગાંધી
૨૪. વિભૂત શાહ
૨૫. મીનળ દિક્ષિત
૨૬. હરકિસન મહેતા
૨૭. જયંતી પટેલ
૨૮. ગુણવંત શાહ
૨૯. વિનેશ અંતાણી
૩૦. ગુણવંત ભટ્ટ
૩૧. હિમાંશી શેલત
૩૨. તરૂલતા મહેતા
૩૩. રમેશ જોશી
૩૪. સરોજ પાઠક
૩૫. સારંગ બારોટ
૩૬. કુંદનિકા કાપિડયા
૩૭. ધીરુબેન પટેલ
૩૮. ભગવતીકુમાર શર્મા
૩૯. હરીન્દ્ર દવે
૪૦. વર્ષા અડાલજા
૪૧. રસિક મહેતા
૪૨. કનુ ભગવેદ
૪૩. ગૌતમ શર્મા
૪૪. ઈલા આરબ મહેતા
૪૫. જશવંત મહેતા
૪૬. જોસેફ મેકવાન
૪૭. કનૈયાલાલ મુનશી
૪૮. કેશુભાઈ દેસાઈ (ડૉ.)

| | | | |
|---|---|---|---|
| ૪૯. | રવીન્દ્ર પારેખ | ૬૦. | રાધેશ્યામ શર્મા |
| ૫૦. | માધવ રામાનુજ | ૬૧. | ધૈવત ત્રિવેદી |
| ૫૧. | કાજલ ઓઝા વૈદ્ય | ૬૨. | મહેશ યાજ્ઞિક |
| ૫૨. | ધૂમકેતુ | ૬૩. | મહેશ ઠાકર |
| ૫૩. | ઈશ્વર પેટલીકર | ૬૪. | પન્નાલાલ પટેલ |
| ૫૪. | ઝવેરચંદ મેઘાણી | ૬૫. | રમણભાઈ નીલકંઠ |
| ૫૫. | ચુનીલાલ વર્ધમાન શાહ | ૬૬. | ગુણવંતરાય આચાર્ય |
| ૫૬. | મો.ચુ. ધામી | ૬૭. | ધ્રુવ ભટ્ટ |
| ૫૭. | રમણલાલ વ. દેસાઈ | ૬૮. | સૌરભ શાહ |
| ૫૮. | દિનકર જોશી | ૬૯. | રાઘવજી માધડ |
| ૫૯. | મનુભાઈ પંચોળી 'દર્શક' | | |

આ સાથે અખબારી ધારાવાહિક નવલકથાના લેખોની યાદી છે. જે સંપૂર્ણ નથી. પણ ગુજરાતી સાહિત્યના લગભગ તમામ જાણીતા અને પ્રસ્થાપિત નવલકથાકારો આ યાદીમાં છે. પંડિતયુગી નવલકથાકારો અને ગો.મા. ત્રિપાઠી જેવા થોડાકને બાદ કરતાં છેલ્લાં લગભગ ૭૦ થી ૮૦ વર્ષના સમયગાળાના લગભગ નવલકથાકારોએ અખબારી ધારાવાહિક નવલકથા લખી છે. અહીં લખી છે એમ કહીએ છીએ ત્યારે આગળના તપસીલ પ્રકરણમાં ચર્ચા કરી એ મુજબ બધા જ લેખકોએ શુદ્ધ અખબારી ધારાવાહિક નવલકથા લખી નથી. પણ લગભગ બધા જ લેખકોની નવલકથાઓ ધારાવાહિકરૂપે અખબારો -સામાયિકોમાં પ્રગટ થઈ જ છે. એ અખબારી ધારાવાહિક નવલકથાનાં સ્વીકાર, વિસ્તાર, લોકપ્રિયતા અને આવકારને દર્શાવે છે. નવલકથા લખ્યાનું પૂર્ણ કર્યા પછી, કયારેક પુસ્તક થઈ ગયા પછી પણ પોતાની નવલકથા અખબારમાં ધારાવાહિકરૂપે પ્રગટ થાય તે લગભગ નવલકથાકારે ઈચ્છ્યું છે. અને તેમ કર્યું છે. કેટલાકે અખબારમાં ધારાવાહિક નવલકથા છપાઈ ગયા પછી પુસ્તક કર્યા છે.

અખબારોની ધારાવાહિક નવલકથાના સ્વરૂપે નવલકથા સાહિત્ય પ્રકારને લોકો સાથે જોડવામાં અને લોકોને નવલકથા સ્વરૂપ તરફ આકર્ષવામાં બહુ મોટો ફાળો આપ્યો છે.

લેખકોની આ યાદીમાં આપણા અભ્યાસ મુજબ પૂર્ણ કે શુદ્ધ હપ્તાવારી કે ધારાવાહિક નવલકથા લખનારા લેખકો અલબત્ત ઓછા છે. ભલે અખબારી ધારાવાહિક નવલકથાને સાહિત્યિક નવલકથાઓની પંક્તિમાં જ સ્થાન ન આપતું હોય, તેને ઊતરતી કક્ષાની મનાતી હોય,પણ સફળ ધારાવાહિક નવલકથા લખવાની પણ એક આગવી કળા છે. એ નક્કી. બધા જ નવલકથાકારોને એ મહારત હાંસલ નથી. એ હાંસલ થતી પણ નથી. કારણ એ જેવી છે તેવી પણ અનેક ખૂબીઓથી ભરેલી છે. આ જ રીતે ગુજરાતી ભાષાનાં લગભગ તમામ દૈનિકો અને સામાયિક (સાહિત્યિક નહીં) માં અખબારી ધારાવાહિક નવલકથા પ્રગટ થઈ છે. એટલું જ નહીં સતત પ્રગટ થતી રહી છે.

**ધારાવાહિક નવલકથા પ્રગટ કરતાં ગુજરાતનાં અને ગુજરાતી ભાષાનાં દૈનિકો,સામાયિકો**

૧. ગુજરાત સમાચાર

૨. સંદેશ

૩. દિવ્ય ભાસ્કર

૪. જનસત્તા

૫. ફૂલછાબ

૬. ગુજરાત મિત્ર

૭. કચ્છ મિત્ર

૮. જન્મભૂમિ

૯. મુંબઈ સમાચાર

૧૦. નૂતન ગુજરાત (અત્યારે પ્રગટ થતું નથી)

૧૧. જયહિન્દ

**સામાયિકો**

૧. 'નવનીત સમર્પણ' સંપા. દીપક દોશી

૨. 'કુમાર' સંપા. ધીરૂ પરીખ

**સાપ્તાહિકો**

૧. ચિત્રલેખા

૨.અભિયાન

૩. યુવદર્શન

છેલ્લાં છ દાયકાથી પણ વધુ સમયથી આ ગુજરાતનાં અને ગુજરાતી દૈનિકોમાં સાપ્તાહિકરૂપે,

અઠવાડિયામાં બે વાર કે કયારેક રોજ રોજ એમ અખબારી ધારાવાહિક નવલકથા પ્રગટ થતી રહી છે. એક પણ દૈનિકને ધારાવાહિક નવલકથા વિના ચાલ્યું નથી. એટલું જ નહી એક નવલકથાનાં અંતના પ્રકરણો ચાલતાં હોય ત્યારે તે પછી શરૂ થનારી બીજી ધારાવાહિક નવલકથાની જાણ પણ વાચકને કરી દેવાતી હોય છે. અખબારી ધારાવાહિક નવલકથા કોઇ જ દૈનિકે છોડી નથી. વર્તમાનપત્રમાં સમાચારોની તેમજ અખબારી ધારાવાહિક નવલકથા એ વર્તમાન પત્રનો અવિનાભાવી હિસ્સો બની ગઇ છે.

એ આધારે જોઇએ તો ગુજરાતી દૈનિકો- સામાયિકોમાં એક સાથે ઓછામાં ઓછી પંદરેક નવલકથાઓ એકજ સમયગાળામાં લખાતી રહે છે અને પ્રગટ થઈ વંચાતી રહી છે. આવું સાહિત્યના બીજા કોઇ સ્વરૂપ અંગે થતું નથી. થયું પણ નથી.

વળી, આ પ્રણાલી કંઇ એકલો ગુજરાતી ભાષાનાં દૈનિકો -સામાયિકોની નથી. લગભગ બધી ભાષાઓનાં દૈનિકોમાં અખબારી ધારાવાહિક નવલકથા આવશ્યક ગણાઇ છે. આમ અખબારી ધારાવાહિક નવલકથા પત્રકારત્વનું એક અંગ બની ગઇ છે.

ગુજરાતી ભાષાના 'ચિત્રલેખા' સામાયિકમાં હરકિસન મહેતાની ધારાવાહિક નવલકથાઓએ વાચકોને નવલકથા ઘેલા કરી મૂકી એક જબરજસ્ત મોટા વર્ગને નવલકથા વાંચતો કરી દીધો હતો. એ જ રીતે અશ્વિની ભટ્ટે 'અભિયાન' દ્વારા અખબારી ધારાવાહિકના દિવાના વાચકોને બનાવ્યા હતા. (દૈનિકોની વાત અલગ થઇ ગઇ છે.) આ ઉપરાંત 'નવનીત - સમર્પણ'માં ધ્રુવ ભટ્ટની હપ્તાવાર ધારાવાહિકરૂપે પ્રગટ થતી કથાઓ સતત બે દાયકાથી પણ વધુ સમયથી ચાલી રહી છે. અલબત્ત એ પ્રથમ લખાઇને પૂરી થયેલી નવલકથા હોય છે, તથા 'નવનીત સમર્પણ'નો વાચક થોડો જુદો છે, એ નોંધવું જોઇએ.

અખબારી ધારાવાહિક નવલકથા કેટલી શક્તિશાળી અને વાચક પ્રિયા હોય છે તેના પુરાવા 'ચિત્રલેખા' અને 'અભિયાન' ના ફેલાવાના આંકડા પર હરકિસન મહેતા અને અશ્વિની ભટ્ટની ધારાવાહિક નવલકથાઓએ પાડેલી ગંજાવર અસરો પરથી જોઇ શકાય છે.

'અભિયાન' માં અશ્વિની ભટ્ટની દીર્ઘ નવલકથા 'આખેટ' નો પ્રારંભ થયો ત્યારે પ્રથમ પ્રકરણ પ્રગટ થયું તે અંકની ચાલીસ હજારથી વધુ નકલો છાપી હતી. તે ખલાસ થઇ ગઇ. અને વાચકોની માંગ ઊભી રહી. જેના કારણે બીજા અંકની નકલો તેથી વધુ છપાઇ અને એ અંકમાં

'આખેટ' ના બીજા પ્રકરણ સાથે પહેલું પ્રકરણ ફરી છપાયું. ગુજરાતી અને કદાચ ભારતીય પત્રકારત્વનું અને અખબારી ધારાવાહિક નવલકથાનું આ ગૌરવશિખર છે.

સાહિત્યમાં ભલે અખબારી નવલકથાનો પાટલો ન મૂકાતો હોય, પણ એની લોકપ્રિયતાની તોલે સાહિત્યનું બીજું કોઈ સ્વરૂપ આવી શકે તેમ નથી.

*****

# તપસીલ-૪

## અખબારી ધારાવાહિક નવલકથા : ભાવિદર્શન

મારા નિર્ધારિત વિષય 'અખબારી ધારાવાહિક નવલકથા : એક અભ્યાસ' નો અભ્યાસ અહીં પૂરો થાય છે. ઉપસંહાર સાથે મારી આ અભ્યાસયાત્રાનું મુકામ અહીં આવી પહોંચ્યું. યાત્રા અહીં વિરમે છે. પણ.... આપણે કોઇ પણ યાત્રા આરંભીએ ત્યારે મંતવ્ય સુધી પહોંચતાં સુધીમાં અનેક સ્ટેશન, પડાવ આવે છે. આપણી સફર તો નિર્ધારીત મંતવ્યની જ હોય છે. પણ વચ્ચે આવતાં સ્થળ, વ્યક્તિઓ, સ્થિતિ-પરિસ્થિતિઓ, પ્રદેશો, પરિવેશો કેટકેટલું અસર મૂકતું જાય છે. નિર્ધારિત સ્ટેશને આપણે ઉતરી તો જઈએ પણ આપણી સાથે કેટલા બધા માઈલ જોડાઇ ગયા હોય છે. એ બધે ઉતરાતું નથી, કે નથી બધું જોવાતું, પમાતું, અનુભવાતું કે આસ્વાદતું, પણ યાદ તો રહી જાય જ છે. એમ જ આ યાત્રામાં એવાં ઘણાં સ્ટેશન (અહીં અભ્યાસ વિષયો) પરથી પસાર થવાનું થયું . મારી યાત્રાનાં મુકામ પોસ્ટ એ ન હતાં એટલે મારે તો મારા ઠેકાણે સોંસરવા જવાનું હતું. પણ આવતીકાલે આ જ યાત્રાએ કોઈ નીકળવા વિચારે, નિર્ધારે તો એને માટે આ યાત્રામાં ઘણાં સ્ટેશન અબોટયાં, વણખેડ્યાં પડ્યાં છે. તેનાં ટાંચણ કરવાનું સમાપને જરૂરી લાગે છે.

અખબારી ધારાવાહિક નવલકથા, જેમ ટાગોરે ઉર્મિલાને (લક્ષ્મણ પત્ની) કાવ્યની ઉપેક્ષિતા કહી છે તેમ મહત્ત્વની હોવા છતાં સાહિત્યની ઉપેક્ષિતા છે. અખબારી ધારાવાહિક નવલકથાને માનભર્યુ સ્થાન સાહિત્ય વિશ્વમાં અપાયું નથી. અલબત્ત વાચક વિશ્વનીએ સામ્રાજ્ઞી છે. પણ વિદ્વતજનોએ એને પોંખી નથી કે એની વરણી કરી નથી. એથીએ અભ્યાસ યોગ્ય કે વિવેચન યોગ્ય ગણાઈ નથી. પરંતુ આ અભ્યાસમાંથી પસાર થતાં , અખબારી ધારાવાહિક નવલકથાને તપાસતાં એમાં હજુ પુષ્કળ વિષય વૈવિધ્ય સહિત અભ્યાસની ક્ષમતા અને ગુંજાઈશ પડ્યાં છે.

(ગુજરાત) અખબારી ધારાવાહિક નવલકથાનો જીવનપટ લગભગ શતાબ્દીએ પહોંચી રહ્યો છે. ત્યારે આટલા વિશાળ સમયપટ પર વિહરનાર એ સ્વરૂપના કલાક્રમિક વિકાસનો અભ્યાસ, એના સ્વરૂપમાં આવેલાં પરિવર્તનોનો અભ્યાસ, સમકાલીન સંજોગો- સ્થિતિઓ , સમાજજીવન, લોક, રાજકીય સંજોગો, આર્થિક પરીબળો, ઇ.નો આ અખબારી ધારાવાહિક નવલકથા ઉપર

કેવો પ્રભાવ પડયો છે, આ બધું કેવું ઝિલાયું છે તેનો અભ્યાસ, કાળાંતરે બદલાતાં જતાં પાત્રલેખનો, અખબારી ધારાવાહિક નવલકથા લેખકનાં ઓજાર અને સજ્જતાઓ, અન્યભાષી અખબારી ધારાવાહિક નવલકથાઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ, અખબારી ધારાવાહિક નવલકથાની ભાષા, આ નવલકથાનાં કથાવસ્તુ, આ નવલકથામાં ઘટનાઓ અને તેના પ્રવાહ, આ નવલકથાની વિશેષતાઓ (અહીં દ્વિમાર્ગી પ્રત્યાયન છે, એટલે એકલ ખંડમાં પોતાના મનોજગતમાં આકારીત નવલકથા લખતાં લેખક કરતાં અહીં લેખક જુદા સંજોગોમાં હોય છે ), આ નવલકથાનું રચનાશાસ્ત્ર, અતિ સફળ અને નિષ્ફળ કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ, અખબારી ધારાવાહિક નવલકથાના વાચકનાં વલણો, બહોળા પ્રમાણમાં વંચાવાનાં કારણો, સફળતા-નિષ્ફળતાનાં કારણો, અખબારના ફેલાવામાં આ નવલકથાનો ફાળો એવા અનેક પાસાંથી આ વાચકમિત્ર સ્વરૂપની તપાસ શક્યછે અને જરૂરી છે.

આવતીકાલે કે પછી ક્યારેક, પણ આ નવલકથા સ્વરૂપ અંગેની ઉપેક્ષા ઘટશે જ. વાચકલક્ષી નવલકથા વિવેચકોના લક્ષે પણ લેવાશે જ. એવી આશા પણ છે ને અપેક્ષા પણ રાખું છું. કારણ કે, અખબારી ધારાવાહિક નવલકથાએ ગુજરાતી વાચકને વાંચતો કર્યો છે, ને સતત વાંચતો રાખ્યો છે. આ નવલકથા ચિરંજીવી છે. કારણ એટલું કે એ જનજીવી છે. આ નવલકથાના વિદ્યાકીય અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવતા રહેશે. એમ આ સ્વરૂપનાં પાસાં ખુલતાં જશે. માત વિદ્યા પાસે એટલી જ મંગળકામના કે અખબારી ધારાવાહિક નવલકથાને વધુને વધુ અભ્યાસી મળે, એને આસ્વાદકોનો તો તોટો જ નથી.

*****